# વાવોલનાં ચકચારી હત્યાના ગુનાનો પર્દાફાશ

# પ્રેમીકાને ફસાવવા વાવોલનાં યુવાને નિર્દોષને પતાવી દીધો...!

## માથુ એક અવાવરૂ કુવામાંથી મળ્યુ અને ધારદાર ધારીયુ થોરની વાડમાંથી મળી આવ્યુ : મનોમન પ્લાન ઘડીને હત્યારો મહેસાણાના શ્રમિક યુવાનને પથિકાશ્રમથી રિક્ષામાં દારૂ પીવડાવવા ઉવારસદ લઈ ગયો અને ખૂબ દારૂ પીવડાવીને પરત વાવોલ નજીક બંને ઉતરી ગયા હતા : મૃતદેહ મળ્યાના એક દિવસ પહેલા બપોરે હત્યા કરી હતી : ૧૦ દિવસના રિમાન્ડ મંજુર

ગાંધીનગર, તા. ૨૬

વાવોલ-ઉવારસદ રોડ પર ખેતરમાંથી માથુ અને ગુપ્તાંગ કપાયેલી હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ હત્યા મૃતદેહ મળ્યાનાં એક દિવસ પહેલા કરાઈ હોવાનું બહાર આવ્યું છે. સેક્ટર-૭ પોલીસે ચકચારી હત્યાના ગુનાનો પર્દાફાશ કરી નાંખ્યો છે. વાવોલના દિપસિંહ રજુજી ગોલે તેની પ્રેમીકાને હત્યાના ગુનામાં ફસાવવા માટે એક નિર્દોષ યુવાનને રહેંસી નાંખ્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ સમક્ષ ખોટી થિયરી કહીને પ્રેમીકાને ફસાવવા માંગતો દિપસિંહ પોતે જ પોતાની જાળમાં ફસાઈ ગયો છે. હત્યા બાદ તેણે વાવોલ નજીક એક ખેતરના કુવામાં માથુ ફેંકી દીધું હતું અને હત્યામાં વપરાયેલુ ધારીયું થોરની વાડ વચ્ચે ફેંકી દીધું હતું તે બંને પોલીસને મળી ગયું છે. પોલીસે હત્યારાની ધરપકડ કરી લઈ સઘન પુછપરછ કરવા રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કર્યો હતો. કોર્ટે તેના ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

સેક્ટર-૭ પી.આઈ. મીની જોષેફ, પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમના વિનોદ સોલંકી, દિગ્વિજયસિંહ રાઠોડ, સંદિપસિંહ ચાવડા અને અશોકસિંહ સહિતના માણસોએ દિવસ રાત એક કરીને ચકચારી હત્યા પ્રકરણનો પર્દાફાશ કરી વાવોલમાં રહેતા ૪૫ વર્ષીય હત્યારા દિપસિંહ રજુજી ગોલની ધરપકડ કરી લીધી છે. અગાઉ મુંબઈના એક મર્ડરના કેસમાં જેલવાસ ભોગવી ચુકેલા આ દિપસિંહને મુંબઈમાં એક કોલગર્લ સાથે પ્રેમ થઈ ગયો હતો. કોલગર્લ 'ગુડીયા'ની પાછળ દિપસિંહ એ લાખો રૂપિયા ખર્ચ્યા હતા પણ હવે તે દિપસિંહને ભાવ આપતી ન હોવાથી મનોમન તેણે વિચારી લીધું કે ગુડીયાને કોઈ કેસમાં ફસાવી દેવી છે. દરમિયાન મહેસાણાનો શ્રમિક યુવાન ભરત પ્રહલાદભાઈ ઠાકોર વાવોલમાં મજુરી કામ કરતા દિપસિંહના સંપર્કમાં આવ્યો હતો. બે દિવસ પહેલા પથિકાશ્રમ પાસેથી દિપસિંહે ભરતને દારૂ પીવડાવવાના બહાને રિક્ષામાં બેસાડી દીધો હતો અને ઉવારસદ લઈ જઈ તેને ચિક્કાર દારૂ પીવડાવ્યો હતો. ત્યાંથી બપોરે પરત ફરતા વાવોલમાં ગુના વાળી જગ્યા નજીક બંને રિક્ષામાંથી ઉતરી ગયા હતા. આ સમયે પણ દિપસિંહની પાસે કમરે ધારદાર ધારીયું ભરાવેલું જ હતું. પ્લાન મુજબ તક મળતા જ ખેતરમાં ચારેક વાગે ભરત ઠાકોર કે જે દારૂના નશામાં હતો તેને લઈ જઈ ગળાના ભાગે ધારીયાના એક જ ઝાટકા સાથે ઘા મારતા માથું ધડથી અલગ કરી નાંખ્યુ હતુ અને ગુપ્તાંગ પણ કાપી નાંખ્યું હતું. ક્રુરતાપૂર્વક હત્યા કરીને દિપસિંહે પ્લાન મુજબ 'ગુડીયા'નો ફોટો અને હિન્દીમાં લખેલ એક ચિઠ્ઠી ભરતના પેન્ટના ખિસ્સામાં મુકી દીધી હતી. એકાદ કિલોમીટર દૂર જઈને માથુ કુવામાં ફેંકી દીધા બાદ થોરની વાડમાં ધારીયું ફેંકી તે ઘરે જતો રહ્યો હતો અને કપડા બદલી નાંખ્યા હતા.

ઘરે જઈને પોલીસ તેને પકડવા આવે તેની રાહ જોઈને બેઠ હતો કેમ કે તેણે ગુડીયાનાં ફોટા પાછળ પોતાના બે નંબર લખ્યા હતા. એટલે પોલીસ તેના સુધી પહોંચે ત્યારે તે ગુડીયા અને અન્ય વેસ્ટ બંગાલના ચારેક માણસના નામ આપીને ગુડીયા સાથે પોતે પણ જેલમાં જાય અને ગુડીયાને ફસાવી દે...! સે-૭ પોલીસે આખી થિયરી જાણી લીધી અને દિપસિંહની ધરપકડ કરી લઈને પુરાવાઓ એકત્ર કરવા તથા અન્ય કોઈ આ હત્યામાં સામેલ છે કે કેમ તે દિશામાં તપાસ કરવા તજવીજ શરુ કરી છે.



### પ્રેમીકા ગુડીયાને દિપસિંહ કેમ ફસાવવા માંગતો હતો..?

મુંબઈના ધુળીયા વિસ્તારમાં દિપસિંહએ મર્ડર કર્યું હતું અને જેલમાં ગયો હતો ત્યાર બાદ વેસ્ટ બંગાલની કોલગર્લ ગુડીયાના સંપર્કમાં આવ્યો હતો. નંદુરબારમાં સંપર્કમાં આવેલી ગુડીયાના પ્રેમમાં પડી ગયા બાદ તેની પાછળ દિપસિંહે લાખો રૂપિયા વાપર્યા અને તેણીને અપનાવી દીધી હતી પરંતુ તેમ છતાં ગુડીયાએ દિપસિંહ સાથે સંપર્કો ઓછા કરીને વિશ્વાસઘાત કરતા ગુડીયાને કોઈ પણ કેસમાં ફસાવી જેલભેગી કરવા દિપસિંહે મનોમન વિચારી લીધું હતું.જેને પગલે એક નિર્દોષનો ભોગ લઈને ગુડીયાને ફસાવવા દિપસિંહે એક સ્ટોરી ઘડી કાઢી હતી..!

### હીસ્ટ્રીસીટર દિપસિંહના ઘરમાંથી શું શું મળ્યું...?

દિપસિંહ અગાઉ હત્યાના ગુનામાં મુંબઈ પકડાઈ ચુકયો છે તે જામીન પર છુટેલો છે કે પેરોલ જમ્પ છે તે દિશામાં તપાસ ચાલી રહી છે. તે સિવાય ચોરીઓ-મારઝુડના ગુનાઓ પણ તેની સામે નોંધાયેલા છે. આ હિસ્ટ્રીસીટર દિપસિંહના ઘરમાં જઈ પોલીસે તેની ધરપકડ કરી ત્યારે તેના ઘરમાંથી હત્યાના સમયે પહેરેલા લોહીવાળા કપડા મળી આવ્યા હતા. તે ઉપરાંત ગુડીયાને ફસાવવા હિન્દી ભાષામાં લખેલી ચિઠ્ઠી જે ગ્રાફબુકના પેજ પર લખી હતી તે ગ્રાફબુક મળી આવી, ઘરે હિન્દીમાં લખવા માટે કરેલી પ્રેકટીસ વાળુ કાગળ ઉપરાંત મોબાઈલ મળી આવતા પોલીસે આ તમામ સાંયોગીક પુરાવાઓ કબ્જે લીધા છે.

### મોબાઈલને કારણે દિપસિંહ પોતાની જ જાળમાં ફસાયો

દિપસિંહે યુવાનની હત્યા કર્યા બાદ પોતે ઘડી કાઢેલી સ્ટોરી પ્રમાણે સફળ થઈ રહ્યો હતો પરંતુ મોબાઈલને કારણે પોતાની જ જાળમાં પોતે ફસાઈ ગયો...! હત્યા કર્યા બાદ દિપસિંહે વેસ્ટબંગાલના કોઈ શખ્સને દિનેશના મોબાઈલમાં સીમકાર્ડ નાંખીને ફોન કર્યો હતો. અને પોતે એકની હત્યા કરીને ગુડીયા અને મંજુને ફસાવવા થિયરી બનાવી દીધી હોવાની બાદ હિન્દીમાં મોબાઈલ પર કરી હતી. નસીબજોગે તે મોબાઈલમાં ઓટો કોલ રેકોર્ડીંગ સીસ્ટમ હતી જે દિપસિંહને પણ ખબર ન હતી. પોલીસના હાથમાં મોબાઈલ આવી ગયો ને જપ્ત કર્યા બાદ ચેકીંગ કર્યુ હતું. જો કે દિપસિંહે હત્યા બાદ વેસ્ટ બંગાલમાં કરેલા કોલનું રેકોર્ડીંગ મળી આવ્યું...! ત્યાં સુધી પોલીસ દિપસિંહની થિયરી મુજબ જ ચાલતી હતી. રેકોર્ડીંગ સાંભળ્યા બાદ આખી થિયરી સ્પષ્ટ થઈ ગઈ અને પોલીસે ક્રોસ ઈન્વેસ્ટીગેશન કરતા સમગ્ર ભાંડો ફુટી ગયો હતો. (અનુસંધાન પાના - ૭ પર)

### ગુડીયાને ફસાવવા માટે હત્યારાએ શું શું કર્યુ?

- ગુડીયાનો ફોટો મૃતકના ખિસ્સામાં મુકયો.
- હિન્દી ભાષામાં જાતે જ ચિઠ્ઠી લખી અને મૃતકના ખિસ્સામાં મુકી,
- મૃતકની ઓળખ ન થઈ શકે તે માટે માથુ કાપીને કુવામાં ફેંકી દીધું.
- ગુડીયાના કહેવાથી ચાર વ્યકિતએ મળીને તેની હત્યા કરી હોવાની થિયરી ઘડી કાઢી.
- મૃતદેહ મળ્યા બાદ તરત પોલીસ દિપસિંહને પકડીને પુછપરછ કરે તે માટે ગુડીયાના ફોટો પાછળ પોતાના જ બે મોબાઈલ નંબર લખી દીધા હતા.
- પોલીસ તેને પકડે એટલે તે પોલીસને લઈને વેસ્ટ બંગાલ આવશે તેવો ફોન પણ તેણે વેસ્ટ બંગાલના કોઈ શખ્સને કરી દીધો હતો.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



લો આ બ્રશ લઇને જાવ... ખબર નથી 'સ્વચ્છ... ભારત અભિયાન ચાલે છે... ખાલી પાણીથી કામ ચલાવવાની ટેવ છોડી દેવાની...!!'

## જે. એમ. ચૌધરીની વિદ્યાર્થિનીઓ ૬ઠ્ઠીએ સાઈકલ રેલીમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૬

ગો ગ્રીન ગાંધીનગર સંસ્થા દ્વારા આગામી તા. ૬ માર્ચના રોજ સવારે ૬.૩૦ કલાકે સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાઈકલ રેલીમાં જે.એમ. ચૌધરી વિદ્યાલયની ધોરણ-૭ અને ૧૧ની કુલ ૩૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો છે. શાળામાં ગો ગ્રીન સંસ્થાના પ્રીતિબેન સોનવાને વિદ્યાર્થીનીઓએ સાઈકલ ચલાવવાથી થતા લાભ અંગેની માહિતી આપી હતી. આ સમગ્ર પ્રવૃત્તિને શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરીએ બીરદાવી હતી.

## નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપ-૨૦૧૬નું આયોજન

### અડાલજ ત્રિ-મંદિર ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્પર્ધામાં ૧૬ રાજયના ૪૦૦થી વધુ સ્પર્ધકો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૬

યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાત અને યોગ કોન્ફેડેરેશન ઓફ ઈન્ડીયાના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અડાલજ સ્થિત ત્રિમંદિર સંકુલના દાદાનગર હોલ ખાતે નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય કક્ષાની યોગાસન સ્પર્ધામાં દેશભરમાંથી લગભગ ૧૬થી ૧૮ રાજયના સ્પર્ધકો ભાગ લેશે. આ યોગ સ્પર્ધા અંતર્ગત તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ ઉપસ્થિત બધા રાજયના યોગ એસોસિએશનના પદાધિકારીઓની મીટીંગ યોજાશે. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ યોગની રમતનું નેતૃત્વ કરવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પીયનશીપ ૨૦૧૬માં રસ ધરાવનાર ભાઈ-બહેનોને એસોસિએશનના વાઈસ પ્રેસીડન્ટ મહેન્દ્ર ત્રિવેદીએ હાજર રહેવા અનુરોધ કર્યો છે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગુજરાત વિધાનસભામાં અમદાવાદની આનંદ નિકેતન શાળા તથા ગાંધીનગર જિલ્લાના ભાટ-હૂડકો ભાટ પ્રાથમિક શાળાના બાળકોએ મુલાકાત લીધી હતી. આ બાળકો આજે વિધાનગૃહની કામગીરી જોવા શૈક્ષણિક પ્રવાસ હેતુસર ગાંધીનગર આવ્યા હતા. આનંદીબહેને આ બાળકો સાથે વિધાનગૃહ, સંસદીય પ્રણાલિ અને લોકશાહી વ્યવસ્થામાં નાગરિકશાસ્ત્ર વિષયક બાબતો અંગે વાર્તાલાપ કર્યો હતો.

## આજે કડી કેમ્પસ ખાતે સાંસ્કૃતિક વારસા સંદર્ભે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

### ઉમા આર્ટસ નાથીબા કોમર્સ કોલેજ દ્વારા ખીમજી હોલમાં પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

નાથીબા કોમર્સ કોલેજ દ્વારા ૨૭મી ફેબ્રુઆરીને શનિવારના રોજ સવારે ૯.૧૫ કલાકે સી.પી.ઈ. યોજના અંતર્ગત એક દીવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

સેક્ટર-૨૩, ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજના ખીમજી વિસરામ સંસ્કાર ભવન ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ડી.ટી. કાપડીયા, જગન્નાથપુરી સંસ્કૃત વિશ્વ વિદ્યાલયના કુલપતિ ગંગાધર પંડા, આકાશવાણી દૂરદર્શનના ડૉ. બલદેવાનન્દ સાગર વક્તવ્ય રજૂ કરશે. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં કડી સર્વ વિદ્યાલયના વલ્લભભાઈ પટેલ, ગુજરાત યુનિવર્સિટના સાહિત્ય ભવનના ડૉ. રઘુવીર ચૌધરી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, એચ.કે. આર્ટસ કોલેજના આચાર્યા સુભાષ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

આ રાષ્ટ્રીય પરિસંવાદ જુદા જુદા આઠ સેશનમાં યોજાશે. જેમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ઈકોનોમીક્સ, સાઈકોલોજી, ભૂગોળ, કોમર્સ તેમજ આઈ.ટી. ક્ષેત્રના વિષય નિષ્ણાંતો સાંસ્કૃતિક વારસાના સંદર્ભમાં સંબંધિત વિષય અંગે સંશોધન પત્ર રજૂ કરશે. આ દરમિયાન ૧૦૦ થી વધુ સંશોધન પત્ર રજૂ કરવામાં આવશે.

### દંઢાવ્ય વિભાગ જન ક્ષત્રિય સમાજના રવિવારે સમુહલગ્ન

ગુજરાત દંઢાવ્ય વિભાગ જન ક્ષત્રિય (મોચી) સમાજના સમુહલગ્ન-૨૦૧૬ તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ સે-૨૮ની લગ્નવાડી ગાંધીનગર ખાતે યોજેલ છે. જેમાં ૧૦ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે. આશીર્વાદ આપવા માટે સમાજના ૭ થી ૮ હજાર જ્ઞાતિજનો હાજરી આપશે તેમ ગાંધીનગર લગ્ન સમિતિના પ્રમુશ્રી, મંત્રીશ્રી, ઉપપ્રમુખશ્રી તથા સર્વે ટ્રસ્ટીશ્રીએ જણાવેલ છે.

## ખૂણે ખાંચરેથી...

- આજે કોંગ્રેસની શિસ્ત સમિતિએ મહેસાણા જિલ્લા પંચાયતના સભ્યોને વન ટુ વન સાંભળવા માટે પંચાયત પરિષદ ખાતે બોલાવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પચાયતના પ્રમુખશ્રીને તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રીને વિધાનસભા ખાતે મળવા બક્ષીપંચના અલ્પેશ ઠાકોર આવ્યા હતા.
- આજે રાજય વિધાનસભા ગૃહમાં વિપક્ષના નેતાનું પ્રવચન ચાલુ હોવાથી રિશેષનો સમય લંબાવવામાં આવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય યોજના અંતર્ગત ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવા આજે રાજયના નોડલ અધિકારી ડૉ. શૈલેષ સુતરિયા આવ્યા હતા. તેમણે મનપાની કચેરીમાં છેલ્લી ઘડીએ આ સમીક્ષા કરી હતી.
- આજે ગાંધીનગર શહેર અને જિલ્લામાં લગ્નો ખુબ હોવાથી કર્મચારીઓ વહેલા ઘરે જતા દેખાયા હતા.
- જિલ્લા પંચાયતની ચાર સમિતિઓના ચેરમેનોની નિયુક્તી માટે મળેલી બેઠકમાંથી ત્રણ બેઠકો ઉપપ્રમુખ શ્રી ભરત પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી જે સૌથી નોંધનીય ઘટના છે.
- રાજયના પોલીસ વડાએ સાંજે પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારના આદેશો જારી ખર્યા છે.
- રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે સાંજે ૩૫ જેટલા ઉપસચિવોને તાત્કાલિક અસરથી નાયબ સચિવ કેડરમાં બઢતી આપી ઉચ્ચત્તર પગાર ધોરણના હૂકમો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઈન્દુચાચાની પ્રતિમા મુકવી જોઈએ તેવી માંગણી આજે વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ રાજયપાલશ્રીના પ્રવચન અંગેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતાં કરી હતી.

# કડી કેમ્પસની શાળાઓના વાર્ષિકોત્સવ ઉજવાયા

## અત્યાર સુધીમાં કડી સંકુલની સંસ્થાઓમાં ચાલુ સાલે ૨ લાખથી વધુની સ્કોલરશીપનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલય સંકુલની શાળાઓના વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ રહી છે. વાર્ષિકોત્સવની સાથે સાથે શાળાઓના પ્રતિભાશાળી તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અને સ્કોલરશીપનું વિતરણ પણ કરાઈ રહ્યું છે.

સે. ૨૩માં કડી સર્વ વિદ્યાલયની સી.એમ. પટેલ હાઈસ્કૂલ, આર.જી. પટેલ, સેકન્ડરી સ્કૂલ અને આર.સી. પટેલ સેકન્ડરી હાઈસ્કૂલનો સંયુક્ત વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉજવાયો હતો. આ વાર્ષિકોત્સવમાં સી.એમ. હાઈસ્કૂલના તમામ વર્ગોના પ્રથમ આવનાર પાંચ વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશીપ તથા ૧૬ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળીને કુલ રૂ. ૧૮૧૯૨ની સ્કોલરશીપનું વિતરણ કરવામાં આવ્યું હતું. આર.જી. પટેલ શાળાના તમામ વર્ગોમાં પ્રથમ આવનાર ૮ વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશીપ અને અન્ય ૧૦ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળીને રૂ. ૨૧૬૮૬ની સ્કોલરશીપનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત આર.સી. પટેલ શાળાના પ્રથમ ૪ વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશીપ અને અન્ય ૨૦ બાળકોને સ્કોલરશીપ મળીને કુલ રૂ. ૨૦૭૪૬ની સ્કોલરશીપનું વિતરણ કરાયું હતું.

આજે એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ તથા એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલનો સંયુક્ત વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ સમારોહમાં એમ.બી. પટેલ સ્કૂલના ૧૪ વિદ્યાર્થીઓને અને એસ.જી. સ્કૂલના ૪૩ વિદ્યાર્થીઓને મળીને કુલ રૂ. ૪૦૧૩૪ની સ્કોલરશીપનું વિતરણ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કડી સર્વ વિદ્યાલય કેમ્પસની તમામ સંસ્થાઓમાં ચાલુ સાલે વિતરણ કરાયેલ કુલ સ્કોલરશીપની રકમ રૂ. ૨ લાખથી વધુનો આંકડો પાર કરી ચુકી છે. વાર્ષિતોક્સવ સમારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાયા હતા.





